ગુજરાત સમાચાર

plus

CITY TALKS | BOLLYWOOD | EVENTS | FASHION | MOVIES | NEWS | FOOD | FUNDA | GADGET

**SATURDAY,**
01 september 2018

*For more News Click»* www.gujaratsamac



» Page 3

સાડી પહેરતા રાખશો આ ધ્યાન તો સિમ્પલ સાડી પણ લાગશે ડિઝાઇનર



» Page 4

# સ્પ્રેક્ટ્રમનો ઉપયોગ ખાનગી કંપનીઓ દ્વારા કરાતો હોવાથી નેશનલ સ્પેસ લૉ અનિવાર્ય છે

## જીએનએલયુમાં એર એન્ડ સ્પેસ એકેડમી પ્રોગ્રામના પાંચમા દિવસે નેશનલ સ્પેસ પોલિસી વિશે ચર્ચા કરાઇ

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં ચાલી રહેલા એર એન્ડ સ્પેસ એકેડમી પ્રોગ્રામા પાંચમાં દિવસે નેશનલ સ્પેસ પોલિસી, ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઇન ફિલ્ડ ઓફ એવિએશન અને એરિયલ ટેરરીઝમ વિશે વાત કરવામાં આવી હતી. જેમાં નેશનલ સ્પેસ પોલિસી વિશે ડૉ. ફાબિઓ ટ્રોનછેટ્ટીએ કહ્યું કે, દેશની આંતરિક સુરક્ષા માટે નેશનલ સ્પેસ લૉ અનિવાર્ય છે. કારણ કે, ઘણી ખાનગી કંપનીઓ સ્પ્રેક્ટ્રમનો ઉપયોગ કરીને સર્વિસ પ્રોવાઇડ કરતી હોય છે.



### ઉડ્ડયન ક્ષેત્રે આઈસીએઓ ઈન્ટરનલ સિક્યોરિટી પુરી પાડે છે

ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશનની રચના ૧૯૪૪માં શિકાગોમાં કરવામાં આવી હતી. આઈસીએઓ સંસ્થા વૈશ્વિક નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે સુરક્ષા અને સલામતી વિશે ખાસ ધ્યાન આપે છે. સુરક્ષાની બાબતમાં સંસ્થા સંપૂર્ણ રીતે સફળ થઈ છે. આ સંસ્થાના કામ અને કામ કરવાની રીતેને વૈશ્વિક રીતે ફેલાવવી જોઈએ.

**- સ્ટેફન હોબ, કોલોન યુનિવર્સિટી**

### આતંકવાદને આંતરરાષ્ટ્રીય સરહદો નડતી નથી

આતંકવાદને ક્યારે પણ કોઇ આંતરરાષ્ટ્રીય સરહદો નડતી નથી. જેના કારણે વિશ્વના કેટલાક ભાગ કે દેશોમાં વિનાશક પરિણામો આવી શકે છે. ભારતમાં પહેલા એરલાઈન સિક્યોરિટીની ચર્ચા ઓછી કરાતી હતી પરંતુ ૨૦૧૬માં આવેલો એન્ટિ હાઈજેક એક્ટ એરલાઇન સુરક્ષમાં વધારો કરે છે.

**- પ્રો. દિવ્યા ત્યાગી, એનએલયુ**

### નેશનલ સ્પેસ લૉ અંતર્ગત ખાનગી સેવાને લાઈસન્સ અપાય છે

રાષ્ટ્રીય સ્પેસ ગતિવિધિ પર નજર રાખવા અને દેશની સુરક્ષા માટે આજે મોટાભાગના દેશ દ્વારા રાષ્ટ્રીય કાયદા બનાવાયા છે. જે સ્પેસ કાયદા અંતર્ગત મુખ્યત્વે ખાનગી ક્ષેત્રો પર નજર રાખવામાં આવે છે. ઉપરાંત નેશનલ સ્પેસ લો અંતર્ગત જ પ્રાઈવેટ સર્વિસ સેક્ટરને લાઈસન્સ એનાયત કરાય છે.

**- ડૉ. ફાબિઓ ટ્રોનછેટ્ટી, હર્બન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી**

UPTO 70% OFF ON

Scanned by CamScanner